Extra No. 225

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

## [PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI ] FRIDAY, JUNE 20, 2025 / JYAISTHA 30, 1947

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART -I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

// **વંચાણે લીધું** //

- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણના જા. નં.પીબી/રસ્તા/૧૯૩૫/૨૦૨૫ તા.૦૩/૦૫/૨૦૨૫.

પત્ર ક્રમાંક.એમએજી(૧)/વશી/૬૬૯૩ થી ૬૭૪૧/૨૦૨૫.–કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણના જા. નં.પીબી/રસ્તા/૧૯૩૫/૨૦૨૫ તા.૦૩/૦૫/૨૦૨૫થી સમી-ગુજરવાડા રોડ કિ.મી.૦/૦૦ થી ૫/૦૦ વચ્ચે રસ્તાના સ્ટ્રેધનીંગ અને રીસરફેસીંગની કામગીરી કરવા માટે રોડ ઉપરથી પસાર થતા ભારે વાહનોનો ટ્રાફિક તા.૦૫/૦૫/૨૦૨૫ થી તા.૦૪/૦૮/૨૦૨૫ સુધી પ્રતિબંધિત કરી નીચે મુજબના અન્ય રસ્તા ઉપર ડાયવર્ઝન આપવા માટે જરૂરી મંજૂરી આપવા વિનંતી કરેલ છે.

(૧) ધધાણા-કુંભાણા-એકલવા-ચાબખા-સરવાલ (કુલ લંબાઈ ૧૫ કિ.મી. રાધનપુર-હારીજ મહેસાણા રોડ સરવાલ જંકશન સુધી) (ભારે વાહનો માટે)

(૨) સરવાલ જંક્શન થી સમી જંકશન (કુલ લંબાઈ ૦૮.૦૦ કિ.મી.)

સબબ, સમી-ગુજરવાડા રોડ કિ.મી.૦/૦૦ થી ૫/૦૦ વચ્ચે રસ્તાના સ્ટ્રેધનીંગ અને રીસરફેસીંગની કામગીરી ના કામે આ રોડ બંધ કરી અન્ય રસ્તા પર ડાયવર્ટ કરવાની માંગણી પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવક્ય જણાય છે.

વાસ્તો હું તુષાર ભટ્ટ (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા.૧૮/૦૬/૨૦૨૫ થી તા.૦૪/૦૮/૨૦૨૫ સુધી ધધાણા-ગુજરવાડા-સમી રૂટ પર ભારે વાહનો પસાર થવા પર પ્રતિબંધ ફરમાવુ છુ અને ભારે વાહનોને ધધાણા-ગુજરવાડા-સમી રૂટના બદલે નીચે મુજબના જાહેર રસ્તાનો ઉપયોગ કરવા આદેશ ફરમાવું છું.

(૧) ધધાણા-કુંભાણા-એકલવા-ચાબખા-સરવાલ (કુલ લંબાઈ ૧૫ કિ.મી. રાધનપુર-હારીજ-મહેસાણા રોડ સરવાલ જંકશન સુધી) (ભારે વાહનો માટે)

(૨) સરવાલ જંક્શન થી સમી જંકશન (કુલ લંબાઈ ૦૮.૦૦ કિ.મી.)

**શિક્ષા ::-** આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરવા ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ - ૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવા અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ ખાતા દ્વારા કરવાની રહેશે. તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે તે સ્થળોએ સ્થાનિક પોલીસે મુકવાના રહેશે.

આજ રોજ તારીખ :૧૮/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવે છે.

**તુષાર ભટ્ટ,**
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પાટણ.

---------------------

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.07.05 11:38:58 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara